સ્ટાફ સિલેકશન કમિશનની કચેરીના સચિવશ્રીને
તેમની કચેરી માટે ઉપાડ અને ચૂકવણી
અધિકારી તથા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર
કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-કપસ/૧૧૮૮/૨૦૩૮/ગ-૩,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૧૯ સપ્ટેમ્બર, ૧૯૮૮.

વંચાણે લીધો:- સરકારી ઠરાવ સામાન્ય વહીવટ વિભાગ ક્રમાંક:કેબીવાય/૧૧૮૬/૧૧૧૫/ગ-૩,
તા:-૨૧-૩-૮૮.

## ઠરાવ

આ વિભાગના તા. ૨૧-૩-૧૯૮૮ના ઠરાવ ક્રમાંક:કેબીવાય-૧૧૮૬-૧૧૧૫-ગ૩ થી સ્ટાફ સિલેકશન કમિશનની રચના કરવામાં આવી છે અને તેના સચિવશ્રીને કચેરીના વડા (Head of Office) તરીકે જાહેર કરવામાં આવેલ છે.

૨. સચિવશ્રી સ્ટાફ સિલેકશન કમિશન, ગાંધીનગરને કચેરીના નાણાકીય ઉપાડ તથા નાણાકીય નિયંત્રણ માટે ઉપાડ અને ચૂકવણી અધિકારી તથા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરવામાં આવે છે.

૩. સ્ટાફ સિલેકશન કમિશનની કચેરીના નાણાકીય લેવડ દેવડ માટે સચિવે સંબંધ કર્તા ઓડિટ કચેરીને પોતાની સહીના નમૂના મોકલી આપવાના રહેશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા. ૧૭-૯-૮૮ની નોંધથી નાણા વિભાગની મળેલ સહમતિ બાદ બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જે.ડી.કોટક )
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
સચિવશ્રી, સ્ટાફ સિલેકશન કમિશન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજકોટ/અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ.
સામાન્ય વહીવટ વિભાગ/લ શાખા,
નાણા વિભાગ ક તથા ઝેડ શાખાઓ.